સંક્ષિપ્ત સમાચાર

વડાપ્રધાનના સ્વાગત પૂર્વે માંડવા-ચાંદોદ ખાતે સ્વચ્છતા સે સ્વાગત અભિયાન અને વિકાસકાર્યોનું લોકાર્પણ

ચાંણોદ : વડોદરા શહેરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમનને અનુલક્ષીને માંડવા-ચાંદોદ ખાતે 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન અંતર્ગત સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા સહભાગી બન્યા હતા. સ્વચ્છ અને સુંદર પરિસર દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરવાની ભાવના સાથે સ્થાનિક આગેવાનો તથા નાગરિકોએ પણ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી. આ પ્રસંગે પવિત્ર નર્મદા નદીના કિનારે યાત્રિકોની સુવિધામાં વધારો થાય તે હેતુથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૪.૫૧ કરોડના ખર્ચે આકાર પામેલા વિકાસકાર્યોમાં ચેન્જીંગ રૂમ, રેલિંગ, આરસીસી રોડ, પાર્કિંગ, પાથવે, ફૂડ કોર્ટ તથા શૌચાલય સહિતની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સુવિધાઓ ઉપલબ્ધ થતાં પવિત્ર નર્મદા કિનારે પિતૃકાર્ય સહિત ધાર્મિક વિધિઓ માટે આવતા યાત્રિકો અને શ્રદ્ધાળુઓને વધુ સુવિધા અને સહુલિયત પ્રાપ્ત થશે. યાત્રિકોની સુવિધા, સ્વચ્છતા અને સુવ્યવસ્થિત પરિસર નિર્માણ તરફ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા આ પ્રયાસથી ચાંદોદ-માંડવા વિસ્તારના ધાર્મિક અને યાત્રાધામ તરીકેના વિકાસને પણ વેગ મળશે.

પાધરો પ્રા. શાળામાં 'એક દિવસ શિક્ષક' બની બાળકોએ સંભાળી શાળાની જવાબદારી

સાવલી : વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સાવલી તાલુકાની પાધરો પ્રા. શાળા માં તા: 05/09/2026 શનિવાર ના રોજ શાળા ક્ષાએ શાળા માં શિક્ષકદિન ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ 5 થી 8 ના બાળકોની વિવિધ વિષયના શિક્ષક, આચાર્ય, પટાવાળા તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા બાળકો શિક્ષક બન્યાની અનુભૂતિ માણી. આ કાર્યક્રમ માં તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહ્પૂવક ભાગ લીધો હતો. શાળાના શિક્ષિકા બેન ગીતાબેન પ્રજાપતિ અને યોગીનાબેન શાહ દ્વારા કાર્યક્રમ નું સફળ સંચાલન કરવામાં આવ્યું. શાળા આચાર્યના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ ખૂબ જ આનંદદાયી પૂર્વક સંપન્ન થયો હતો.

માસરમાં સેવા સેતુ કાર્યક્રમ: એક જ સ્થળે વિવિધ સરકારી યોજનાઓનો લાભ

પાદરા : સામાન્ય નાગરિકોને પોતાના નાના કામકાજ કે સરકારી યોજનાઓના લાભ માટે સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને વહીવટી તંત્ર સામે ચાલીને લોકોના ઘર સુધી પહોંચે તેવા સંવેદનશીલ અભિગમ સાથે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના માસર ગામની પ્રાથમિક શાળા ખાતે 'સેવા સેતુ કાર્યક્રમ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પાદરા તાલુકા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભો, પોષણ કિટ અને મંજૂરી હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં સરકારના માનવીય અભિગમને ઉજાગર કરતા જણાવ્યું હતું કે, માતાના ગર્ભથી લઈને વ્યક્તિ વૃદ્ધ કે નિરાધાર બને ત્યાં સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓ સુરક્ષા કવચ પૂરું પાડે છે. અગાઉ લોકોને કચેરીઓના ધક્કા ખાવા પડતા, પરંતુ આજે સરકારી અધિકારીઓ ગામના આંગણે આવી 'સરકાર તમારે દ્વાર'ની વિભાવના સાર્થક કરી રહ્યા છે.

એમ.ડી.આઈ અને ખત્રી વિદ્યાલય બોડેલી ખાતે ઉત્સાહભેર 'શિક્ષક સન્માન સમારોહ'ની ઉજવણી કરવામાં આવી

બોડેલી : શ્રેષ્ઠ શિક્ષકો અને શ્રેષ્ઠ આચાર્યનું વિશેષ સન્માન કરાયું આજ રોજ ખત્રી વિદ્યાલય બોડેલી ખાતે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે 'શિક્ષક દિન'ની સાથે શિક્ષક સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો તેમજ નગરપાલિકાના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શાળાના તમામ ગુરુજનોનું સ્મૃતિ ભેટ આપીને ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૫ સપ્ટેમ્બરના રોજ શાળામાં યોજાયેલ 'બાલ શિક્ષક દિન' અંતર્ગત વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી. જેમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થીઓમાંથી ધોરણ 1 થી 8 માંથી 6 શિક્ષકો અને ધોરણ 9 થી 12 માંથી 3 શ્રેષ્ઠ શિક્ષકોને તેમની સરાહનીય કામગીરી બદલ ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા.

ડભોઈની સત્તર ગામ પટેલ સમાજની વાડી ખાતે ગણેશ મંડળો સાથે જિલ્લા પોલીસ વડાની બેઠક યોજાઈ

ડભોઈ: આગામી ગણેશ ચતુર્થી અને ગણપતિ વિસર્જન યાત્રા ને લઈ જિલ્લા પોલીસ વડા સહિત પોલીસ અધિકારીઓ ની બેઠક યોજાઈ હતી. જેમાં ડી.જે. સિસ્ટમ પર અસલીલ,ઉશ્કેરણી જનક મોટા અવાજે ગીતો વગાડવા તેમજ નિયમો વિરુદ્ધ જનાર સામે કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે નું જિલ્લા પોલીસ વડા એ સ્પષ્ટ ફરમાન કર્યું હતું. ડભોઈ, વાઘોડિયા, જરોદ, શિનોર, ચાંદોદ સહિત ના પોલીસ અધિકારીઓ ની હાજરી સાથે ગણેશ મંડળો અને શાંતિ સમિતિના સભ્યો સાથે જિલ્લા પોલીસ વડા સુશીલકુમાર અગ્રવાલે બેઠક યોજી હતી. સત્તરગામ પટેલ સમાજ ની વાડી ખાતે યોજાયેલ બેઠક માં ગણેશ ચતુર્થી અને ગણપતિ વિસર્જન ની શોભાયાત્રા સમયે સુલેહશાંતિ નો ભંગ ન થાય, ડી.જે.પર મોટા અવાજે ગીતો ના વગાડાય, કોમી ઉશ્કેરણી અને કોઈની લાગણી ના દુભાય, ટ્રાફિક ને અડચણ ના થાય તે રીતે શિસ્ત અને સંયમ સાથે ધાર્મિક ભાવના સાથે તહેવાર ની ઉજવણી કરવા જિલ્લા પોલીસવડા સુશીલકુમાર અગ્રવાલે સૂચન કર્યા હતા.

મુંબઈ તરફથી આવતા કન્ટેનરોમાં કેમિકલ વેસ્ટ લાવી માર્ગની બાજુમાં નિકાલ કરાતો હોવાના આક્ષેપ

ડભોઈ બાયપાસની બાજુમાં ઝેરી કેમિકલ ઠલવાતા રોષ

વેસ્ટેજમાં આગ લાગતાં કાળા ધુમાડાના ગોટેગોટા, આંખો-શરીરમાં બળતરા અને શ્વાસની તકલીફની ફરિયાદો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.7 ડભોઈ ટીંબી ફાટક થી વેગા ત્રિભેટ થઈ થરવાસા ચોકડી સુધી ના માર્ગ ની બાજુમાં ઝેરી જ્વલંતશીલ કેમિકલ બહાર થી આવતા કન્ટેનર માં લાવી ને ઠાલવી રહ્યા છે. ત્યારે કેમિકલ માં આગ લાગતાજ લોકો ના હાથ,આંખો બળી રહી છે. જેની ખબર અસર લોકો ના સ્વાસ્થ્ય પર પડી રહી હોવાની બૂમો ઉઠવા પામી છે.

ડભોઈ ની ટીંબી ફાટક થી વેગા થઈ છેક થર વાસા ચોકડી સુધી માં માર્ગ ની બાજુમાં કેમિકલ ના આથર ના મોટા ફુગ્ગા લાવી નખાઈ રહ્યા છે. કહેવાય છે કે પ્રોસેસ કરેલ રેતીની બોરીઓના પ્લાન્ટ પર રેતીનો જથ્થો ભરવા આવતા મોટા કન્ટેનર મુંબઈ તરફ થી કેમિકલ વેસ્ટેજ ભરી લાવે છે. જેનો નિકાલ તેઓ ડભોઈ નજીક કરી રહ્યા છે. આ કેમિકલ વેસ્ટેજ માં આગ લાગતાજ કાળા ડીબાંગ ધુમાડાના ગોટેગોટા ઉઠતા હોય છે. જેની અસર પર્યાવરણ, વાતાવરણ અને હવામાં રહેલા ઓક્સિજન પર પડી રહી છે. એટલુંજ નહીં શ્વાસ લેવામાં તકલીફ, શરીરે બળતરા અને આંખો પણ બળી રહી હોવાની તીવ્ર આદતોની નગરજનોમાં બૂમો ઉઠવા પામી છે. ત્યારે તરસાના ફાટક પાસે આવેલ રેતીના પ્રોસેસીંગ પ્લાન્ટ પર પાલિકા અને પોલીસ તંત્ર પણ તપાસ અર્થે દોડી ગયું હતું. જો કે વેસ્ટેજ કેમિકલ ક્યાંથી આવે છે. ક્યાં પ્રકાર નું કેમિકલ છે. માર્ગ પર ઠાલવી પર્યાવરણ અને લોકો ના જીવન ને નુકશાન પહોંચાડવાની ચેસ્ટા કોણ કરી રહ્યું છે.તે પોલીસ ની જીણવટ પૂર્વક ની તપાસ ધ્વારાજ સામે આવે તેમ છે. હાલ તો લોકો માં વેસ્ટેજ કેમિકલ ની ઠાલવની થી ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પર પ્રાંત માંથી આવતા વેસ્ટેજ કેમિકલની અસર

કન્ટેનર માં વેસ્ટેજ કેમિકલ ના મિનિયા થેલા ના ફુગ્ગા ભરીને આવી રહ્યા છે. જે ડભોઇ બાયપાસ પર માર્ગ ની બાજુ માંજ નાખી દે છે. જેમાં આગ લાગતા કાળા ડીબાંગ ધુમાડા ના ગોટેગોટા આકાશ ને આંબી જાય છે. ધુમાડા થી આંખો અને શરીરે બળતરા થાય છે. શ્વાસ માં તકલીફ થાય છે.પર્યાવરણ પર માઠી અસર અને ઓક્સિજન ની માત્રા માં ઘટાડો થાય છે. જેથી લોકોના ધ્યાન પર આખી બાબત આવી હતી.

સંખેડામાં દારૂબંધીના કાયદાના લીરેલીરા

સંખેડા ગોજપુર રેલવે સ્ટેશન પાસે ખુલ્લેઆમ દારૂનું વેચાણ

ટિકિટ બારીની પાછળ જ દારૂનો અડ્ડો ધમધમે છે! પોલીસ તંત્ર સામે ગંભીર સવાલો

(પ્રતિનિધિ) સંખેડા, તા.7 દારૂબંધીવાળા ગુજરાતમાં કાયદાની ઐસીતૈસી! સંખેડા રેલવે સ્ટેશનની ટિકિટ બારી ઓફિસની બિલકુલ પાછળ ખુલ્લા ગ્રાઉન્ડમાં ખુલ્લેઆમ ઈંગ્લીશ દારૂ વેચાઈ રહ્યો હોવાનો આક્ષેપ.

ગોજપુર રેલવે સ્ટેશન પાસે ઝાડ નીચે પથ્થરો પર બેસીને વેચાણ થતું હોવાનું સામે આવ્યું. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પૂછતાં વેચનાર વ્યક્તિએ કહ્યું - "આ માલ બુલેટ નામના વ્યક્તિનો છે, વિડીયો ન ઉતારશો." લોકમુખે ચર્ચા છે કે આખા ટાઉનમાં 5 જગ્યાએ આ જ નેટવર્કથી દારૂ વેચાય છે. રેલવે પરિસરની બાજુમાં જ ઠંડા બિયર-દારૂ પીવડાવવાની વ્યવસ્થા હોવાની પણ ચર્ચા.

સંખેડા ટાઉનમાં ચાર જગ્યાએ ગાડીની ડેકીમાંથી વેચાણ થતું હોવાના આક્ષેપો. એક તરફ ડુપ્લીકેટ-ઝેરી દારૂથી લોકોના મોત થઈ રહ્યા છે, સરકારે PI ને સસ્પેન્ડ કરવાની ચીમકી આપી છે, તો બીજી તરફ રેલવે સ્ટેશન જેવી જાહેર જગ્યાએ આટલી હિંમતથી વેપલો કોના આશીર્વાદથી ચાલે છે ?પીધેલાને પકડીને ગુનો દાખલ કરનાર પોલીસ, ખુલ્લેઆમ વેચનારાઓ સામે કાર્યવાહી કેમ નથી કરતી? તાત્કાલિક દરોડાની માંગ ઉઠી છે.

ભોજની આર.બી. વિદ્યાલયમાં સ્વશાસન દિનની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા. 7 શ્રી આર.બી. વિદ્યાલય ભોજ ખાતે શિક્ષક દિન નિમિત્તે 'સ્વશાસન દિન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના સમગ્ર સંચાલનની જવાબદારી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સંભાળી શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી. દિનચર્યાની શરૂઆત પ્રાર્થનાસભાથી થઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થી-શિક્ષકોએ વર્ગખંડોમાં જઈ હાજરી પૂર્ણ કરી નિયમિત શૈક્ષણિક કાર્યનો પ્રારંભ કર્યો હતો. શિક્ષણ કાર્ય દરમિયાન સ્માર્ટ ટીવી સહિતના આધુનિક સાધનોનો કૌશલ્યપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હતો. આચાર્ય તરીકેની જવાબદારી નિભાવનાર રીજવાનાબેન એમ. ચાવડાએ શાળાના વિવિધ વર્ગો અને તાસનું બારીકાઈથી અવલોકન કર્યું હતું.

નર્મદા કિનારે ૫.૫ લાખ શિવલિંગનો દિવ્ય નજારો

નર્મદાની માટીમાંથી શિવલિંગ બનાવવાની 40 વર્ષ જૂની પરંપરા

(પ્રતિનિધિ) શિનોર, તા. 7 શિનોર તાલુકાના પવિત્ર યાત્રાધામ માલસર ખાતે નર્મદા નદીના કિનારે આવેલા શ્રી સત્યનારાયણ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથની વિશેષ આરાધના કરવામાં આવી હતી. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન આજે છેલ્લા સોમવાર સુધીમાં આશરે 5.5 લાખ પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરી તેને વિવિધ યંત્ર સ્વરૂપે ગોઠવી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

હિન્દુ ધર્મમાં શ્રાવણ માસને ભગવાન શિવની આરાધના માટે વિશેષ પવિત્ર માનવામાં આવે છે. શિવપુરાણમાં પણ પાર્થિવ શિવલિંગના નિર્માણ, પૂજન અને આરાધનાનું વિશેષ મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે. 'નર્મદામાં જેટલા કંકર, તેટલા શંકર' એવી ધાર્મિક માન્યતા વચ્ચે નર્મદા કિનારે પાર્થિવ શિવલિંગની આરાધનાનું વિશેષ મહાત્મ્ય રહેલું છે. શ્રી સત્યનારાયણ મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન દરરોજ નર્મદા નદીમાંથી પવિત્ર માટી લાવવામાં આવતી હતી. આશરે 15 બ્રાહ્મણો દ્વારા આ માટીમાંથી દરરોજ 25થી 30 હજાર જેટલા પાર્થિવ શિવલિંગ તૈયાર કરવામાં આવતા હતા.

અચીસરા ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા, રૂ.૧૧ હજારનો મુદ્દામાલ કબજે

બોરડીના ઝાડ નીચે પત્તા-પાના રમતા ચાર શખ્સ ઝડપાયા

(પ્રતિનિધિ) શિનોર, તા. 7 વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના અરીસરા ગામે ખુલ્લી જગ્યામાં પત્તા-પાના વડે હાર-જીતનો જુગાર રમતા ચાર શખ્સોને શિનોર પોલીસે ઝડપી પાડ્યા હતા. બાતમીના આધારે પોલીસે અરીસરા ગામના જૂના ફળિયાની પાછળ આવેલા બોરડીના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો.

પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડતાં કેટલાક શખ્સો પત્તા-પાના વડે જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ચારેય શખ્સોને ઝડપી લીધા હતા. ઝડપાયેલા શખ્સોમાં મહેશભાઈ રામદાસ ભીલ (ઉં.33), રહે. અવાખલ ગામ નવીનગરી, તા. શિનોર, રાકેશભાઈ કાળાભાઈ વસાવા (ઉં.35), રહે. અરીસરા ગામ, ભાથીજી મંદિર ફળિયું, સુનિલભાઈ કાલિદાસ વસાવા (ઉં.34), રહે. અવાખલ ગામ નવીનગરી તથા વિશાલભાઈ મહેશભાઈ વસાવા (ઉં.28), હાલ રહે. અવાખલ નવીનગરી, મૂળ રહે. આજમનગર, તા. આમોદ, જી.ભરૂચનો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન પોલીસે જુગારના દાવ પર મુકાયેલી રોકડ રકમ તેમજ આરોપીઓની અંગજડતીમાંથી મળેલી રોકડ રકમ અને પત્તા-પાના સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે કુલ રૂ.11,190ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મોભાના વાકળ હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) પાદરા, તા. 7 સામાજિક વનીકરણ રેન્જ, પાદરા દ્વારા પાદરા તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી મોભા ગામની વાકળ હાઈસ્કૂલ ખાતે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાકળ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ સહિત સદસ્યો, વાકળ કેળવણી મંડળના મંત્રી, મોભા ગામના અગ્રણી અજય પંડ્યા, મેહુલ અમીન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બહાદરપુરમાં સારા વરસાદ માટે રામેશ્વર મહાદેવને જળાભિષેક

શાસ્ત્રોક્ત પૂજા બાદ શિવભક્તોએ માનવ સાંકળ બનાવી શિવલિંગ પર પાણી ચઢાવ્યું

(પ્રતિનિધિ) સંખેડા, તા. 7 બહાદરપુરના શ્રી રામેશ્વર મહાદેવ મંદિરમાં ગુજરાતમાં સારા વરસાદ માટે ખાસ ધાર્મિક કાર્યક્રમ કરાયો. ઓરસંગ નદી કિનારે આવેલા આ મંદિરમાં ખેડૂતોને રાહત મળે અને પશુ-પક્ષી સહિત બધા જીવોનું ભલું થાય તેવી પ્રાર્થના કરવામાં આવી. આ કાર્યક્રમ 6 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાયો હતો.

કાર્યક્રમમાં પર્જન્ય સૂક્તના પાઠ, રુદ્રાભિષેક અને મહાપૂજા કરાઈ. શિવપિંડીને પાણીમાં ડુબાડવાની પરંપરાગત વિધિ પણ કરવામાં આવી. ભક્તોએ શ્રદ્ધાથી ભગવાન રામેશ્વર મહાદેવને જળ ચડાવી સારા વરસાદ માટે દુઆ માંગી. આ કાર્યક્રમમાં નાના બાળકો, યુવાનો, મહિલાઓ અને 70થી 80 વર્ષના વડીલો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. બધાએ ઉત્સાહથી ભાગ લીધો. બાળકોએ પણ ધાર્મિક માહોલનો આનંદ લીધો અને સૌએ સાથે મળીને સારા વરસાદ માટે દિલથી પ્રાર્થના કરી.

આ આયોજનમાં મંદિરના મુખ્ય કાર્યકર્તા મિથિલેશભાઈ ટેલર, હરિઓમભાઈ પંડિત, પૂજારી રમેશભાઈ, લાલજી મહારાજ, જયેશભાઈ, સૂર્યાભાઈ, અલ્પેશભાઈ અને નરેશ પ્રજાપતિએ સહયોગ આપ્યો.

ડભોઈની હીરાભાગોળના પ્રાંગણથી સ્વચ્છતા સે સ્વાગત બેનર હેઠળ સ્વછતા અભિયાન

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 7 વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના આગમન ને લઈ ડભોઈ શહેર ભાજપ ધ્વારા હીરાભાગોળ ગઢ ભવાની માતાજી ના મંદિરે થી ધારાસભ્ય ની આગેવાની હેઠળ " સ્વછતા સે સ્વાગત " બેનર હેઠળ સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું હતું. તેમજ તાલુકા ના નવા માંડવા ગામે પણ સ્વચ્છતા અભિયાન સહિત વૃક્ષા રોપણ કાર્યક્રમ પણ કરાયો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના આગમન ને લઈ ભાજપ ધ્વારા સ્વચ્છતા સે સ્વાગત બેનર હેઠળ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. ડભોઇ માં ઠેરઠેર વ્યાપેલી ગંદકી ને દૂર કરી સ્વચ્છ અને સ્વસ્થ નગર માટે સ્વછતા અભિયાન નો પ્રારંભ કરાયો છે. ડભોઈ શહેર ભાજપ ધ્વારા નગરમાં ઉભી થયેલી ગંદકી, કચરાના ઢગ માટે સ્વચ્છતા સે સ્વાગત ના બેનર હેઠળ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

---

૮૦ થી વધુ ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓ એકઠા થયા, ગાંધીનગરમાં આંદોલનની ચીમકી

૧૬મા નાણાપંચની જોગવાઈ સામે સાવલીમાં સરપંચોનો વિરોધનો સૂર

(પ્રતિનિધિ) સાવલી, તા.7 સાવલી તાલુકાના રાણીયા ગામે ખાનગી જગ્યામાં તાલુકાની નાની-મોટી ગ્રામ પંચાયતોના 80થી વધુ સરપંચોનું સંમેલન યોજાયું હતું. સંમેલનમાં વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો એકત્રિત થયા હતા. આ સંમેલન બાબતે રોહિત ધનજી ભાઈ શનાભાઈ વાંકાનેર મહિલા સરપંચ ના પતિ એ જણાવ્યું હતું કે આ મિટિંગ નો મુખ્ય હેતુ 16 માં નાણાપંચમાં સરકારની ગાઈડ લાઈન નો વિરોધ કરી અસંતોષ વ્યક્ત કર્યો હતો. જેમાં મુખ્યત્વે 14 માં નાણાપંચમાં ગ્રામ પંચાયત ખાતે બે તબક્કામાં ગ્રાન્ટ આવતી હતી જ્યારે 15માં નાણાપંચમાં ચાર તબક્કે આવતી હતી. જ્યારે 16 માં નાણાપંચમાં ટેન્ડરિંગ કરવાની સરકારે જોગવાઈ કરી છે જેના પગલે વિકાસની ગતિને બ્રેક વાગશે પાંચ લાખ થી ઉપરની રકમના વિકાસના કામ માટે ટેન્ડર કરવાની નવી જોગવાઈ કરવામાં આવી છે. તેના પગલે બહારની એજન્સીઓ મન ફાવે તેમ કામ કરશે અને સ્થાનિકોનો રોજગાર છીનવાઈ જશે અને આ બાબતે અમે 16 માં નાણાપંચનો વિરોધ કરીને એસ ડી એમ ટી ડી ઓ ધારાસભ્ય સહિતને રજૂઆત કરીને આવનાર સમયમાં ગાંધીનગર ખાતે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે જોકે, સંમેલન દરમિયાન મહિલા સરપંચોની જગ્યાએ તેમના પતિઓ વધુ જોવા મળતા ચર્ચા જાગી હતી.

રાણીયા ગામે યોજાયેલ સંમેલન માં રાજ્ય સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે મોટાભાગની ભાજપ સમર્થક પંચાયતો ના સરપંચો અને અને સરપંચ પતિ ઓ હાજર રહ્યા હતા જ્યારે ભાજપના કટ્ટર સમર્થકો એ સરકારની નીતિ નો જાહેરમાં વિરોધ નો રાગ આલાપતા વિરોધપક્ષ ભારે ગેલમાં આવી ગયો હતો.

વડોદરા જિલ્લામાં માત્ર ૬ દિવસમાં ૩,૮૮૧ છેવાડાના અને વંચિત પરિવારોને મળ્યો આર્થિક સ્વનિર્ભરતા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 7 ગુજરાત સરકારની કલ્યાણકારી નીતિઓને સાકાર કરતા વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેવાડાના અને વંચિત વર્ગોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે હાથ ધરાયેલી સઘન ઝુંબેશમાં અપ્રતિમ સફળતા સાંપડી છે. તારીખ ૧ સપ્ટેમ્બર થી ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાયેલા વિશેષ સેચ્યુરેશન કેમ્પ હેઠળ પ્રશાસને અત્યંત ગરીબ, અસહાય અને વિધવા બહેનો સુધી કલ્યાણકારી લાભો સીધા પહોંચાડવાનું સંવેદનશીલ કાર્ય કર્યું છે. આ છ દિવસીય સઘન અભિયાનમાં સામાજિક સુરક્ષા અને સ્વનિર્ભરતા સેગમેન્ટ હેઠળ મળેલા કુલ ૩,૮૯૧ ફોર્મમાંથી રેકોર્ડબ્રેક ઝડપે ૩,૮૮૧ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે.

ભાદરવી પૂનમે અંબાજી જવા કરજણથી શ્રી આદ્ય શક્તિ પદયાત્રા સંઘનું પ્રસ્થાન

૯૦ જેટલા ભક્તો માતાજીની ધજા ચઢાવવા પગપાળા નીકળ્યા

(પ્રતિનિધિ) કરજણ, તા. 7 ભાદરવી પૂનમના પાવન અવસરે ગુજરાતભરમાંથી માઈભક્તો પગપાળા સંઘ લઈને ખાતે માતાજીના દર્શન કરવા શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પ્રસ્થાન કરે છે. ત્યારે કરજણ તાલુકા અને નગરમાંથી પણ દર વર્ષે વિવિધ પદયાત્રા સંઘો અંબાજી તરફ પ્રયાણ કરે છે.

કરજણ નગરમાંથી અંબાજી તરફ જનાર ચાર પદયાત્રા સંઘોમાંથી આજે પ્રથમ શ્રી આદ્ય શક્તિ પદયાત્રા સંઘનું પ્રસ્થાન થયું હતું. કરજણ નગરના જુનાબજાર ખાતે આવેલા શ્રી અંબાજી મંદિર ખાતે માતાજીના દર્શન અને પૂજન-અર્ચન કર્યા બાદ સંઘના ૯૦ જેટલા પદયાત્રી ભાઈ-બહેનોએ અંબાજી તરફ પગપાળા યાત્રાનો પ્રારંભ કર્યો હતો.

યાત્રા પ્રસ્થાન પૂર્વે ભક્તિમય વાતાવરણમાં માતાજીની આરાધના કરવામાં આવી હતી. સંઘની ધજા આઠમના પવિત્ર દિવસે અંબાજી ખાતે ચઢાવવામાં આવશે, ત્યારબાદ પદયાત્રીઓ આશરે ૧૩ દિવસ બાદ પરત કરજણ ખાતે પહોંચશે. પદયાત્રામાં જોડાયેલા ભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.